| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૦/૦૩/૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | : | ૧૦/૦૩/૨૦૨૬ |
| ફેસલ તારીખ | : | ૧૨/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ–માસ–દિવસ |

સત્યમેવ જયતે

**રાજકોટ જીલ્લાના મહે. શ્રી ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં**
**મુકામઃ ધોરાજી.**

**ફોજ. પર. અરજી નં. ૯૦/૨૦૨૬.**
**આંક–**

**દેવેન્દ્રસિંહ ઉર્ફે દેવુભા દિલીપસિંહ જાડેજા,**
**ઉ.આ.વ. ૨૦, ધંધોઃઅભ્યાસ,**
**ઠે.દરબારગઢ, પાણીની ટાંકી પાસે,**
**ઉપલેટા, તા.ઉપલેટા, જી.રાજકોટ.**
**હાલઃ સબજેલ, ધોરાજી. ..................... અરજદાર.**

**વિરૂદ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**
**થૃ એ.જી.પી.શ્રી,**
**ધોરાજી. ................... સામાવાળા.**

**બાબતઃ– બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે જામીન પર મુક્ત કરવા...**

**અરજદાર તરફે વિ. વ. શ્રી એસ.પી.વાઢેર.**
**શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે.એમ.પારેખ.**

**ઠ રા વ**

(૧) હાલની જામીન અરજીની વિગત એવી છે કે, ઉપલેટા પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૨૧૩૦૬૪૨૬૦૦૨૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૧૩૭ (૨), ૮૭, ૬૪ (૨) (એમ), ૬૫ (૧) તથા પોક્સો એક્ટની કલમ–૪, ૬ મુજબના ગુનામાં પોલીસ દ્વારા અરજદારની ધરપકડ કરી નામદાર અદાલતમાં રજૂ કરેલ ત્યારથી અરજદાર/આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય જેથી હાલની આ અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વ. શ્રી એસ.પી.વાઢેરની એવી રજૂઆત છે કે, આરોપી સામે ઉપલેટા પોલીસ સ્ટેશન ગુ. ૨. નં. ૧૧૨૧૩૦૬૪૨૬૦૦૨૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૧૩૭ (૨), ૮૭, ૬૪ (૨) (એમ), ૬૫ (૧) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૬ મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનામાં અરજદારને તા.૨૭-૦૧-૨૬ ના રોજ અટક કરવામાં આવેલ ત્યારથી અરજદાર જ્યુડીશ્યલ કસ્ટડીમાં છે. વધુમાં તેઓ જણાવે છે કે, સદર ગુનાના કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે, જેનો પોક્સો કેસ નં.૭/૨૬ થી રજીસ્ટર્ડ થયેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, અરજદારની ઉંમર ૨૦ વર્ષની છે, ભોગ બનનાર અને અરજદાર એકબીજાને પ્રેમ કરતા હતા, ભોગ બનનાર જાતે પોતાની મરજીથી આરોપી પાસે ગયેલ છે, ભોગ બનનારનું વિદ્વાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીનાઓએ બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન નોંધેલ છે. સદર નિવેદન વંચાણે લેવામાં આવે તો ભોગ બનનાર આરોપી સાથે પોતાની મરજીથી ગયેલ છે, અમદાવાદ, ઈન્દોર ફરેલ અને પૈસા ઓછા પડતા ફરી પાછા આવેલ છે. ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષની છે અને અરજદારની ઉંમર ૨૦ વર્ષની છે, બંને વચ્ચે ૪ વર્ષનો ઉંમરમાં તફાવત છે, બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો, કેસ ચાલવામાં સમય જાય તેમ છે. આરોપી બી.આર.એ.ના ત્રીજા વર્ષના છઠ્ઠા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે અને તેની કોલેજમાં તા.૧૬-૦૩-૨૬ થી તા.૨૫-૦૩-૨૬ સુધી ઈન્ટરનલ એક્ઝામ શરું થવાની છે અને બાદ ત્રીજા વર્ષની ફાઇનલ એક્ઝામ તા.૩૦-૦૩-૨૬ થી શરૂ થાય છે. આરોપી સ્થાનિક રહેવાસી છે, સ્થાવર તથા જંગમ મિલ્કત ધરાવે છે, નાશી ભાગી જાય તેવી કોઇ શક્યતા નથી, નામદાર કોર્ટ જે શરતો મુકશે તેનું પાલન કરવા રાજીખુશી અને તૈયાર છે, આ તમામ હકિકતો લક્ષમાં લઇ આરોપીને જામીન ઉપર મુક્ત કરવાની રજુઆત કરેલ છે.

(૩) વિ. સરકારી વકીલશ્રી કે.એમ.પારેખની રજુઆત એવી છે કે, આરોપી સામે બી.એન.એસ.ની કલમ-૧૩૭ (૨), ૮૭, ૬૪ (૨) (એમ), ૬૫ (૧) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૬ મુજબના ગુનાનો ગંભીર આરોપ છે. સદર ગુનો સ્ત્રી વિરૂધ્ધનો ગુનો છે. ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી

નાની વયની એટલે કે ૧૬ વર્ષની છે. જેથી ભોગ બનનારની સંમતિને સંમતિ ગણી શકાય નહી. ભોગ બનનારની સંમતિ વિના આરોપીએ તેની સાથે શરીરી સંબંધ બાંધેલ હોય તેવા સંજોગોમાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવો જોઇએ નહી અને આ અરજી નામંજુર કરવાની રજુઆત કરેલ છે.

(૪) મુળફરિયાદી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આંક-૪ થી પોતાના વાંધા રજુ કરી જણાવે છે કે, આરોપી સામે બી.એન.એસ.ની કલમ-૧૩૭ (૨), ૮૭, ૬૪ (૨) (એમ), ૬૫ (૧) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૬ મુજબનો પ્રથમદર્શીય કેસ છે. જો આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો તેઓ ફરિયાદપક્ષના સાહેદોને ધાકધમકી આપે અને ભોગ બનનારની માનસિકતા ઉપર તેની ખરાબ અસર થાય તેમ છે, આરોપીએ જે ગુનો કરેલ છે તે સ્ત્રી વિરૂધ્ધનો ગુનો છે. આવા ગંભીર પ્રકારના ગુનામાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવો જોઇએ નહી, જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવાની રજુઆત કરેલ છે.

(૫) પક્ષકારોની દલીલો લક્ષમાં લીધી. ભોગ બનનારે વિદ્વાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીના સમક્ષ બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન આપેલ છે, સદર નિવેદન વંચાણે લેતા આરોપી અને ભોગ બનનાર વચ્ચે પ્રેમ સંબંધ હતો તે હકિકત સ્પષ્ટ થાય છે. ભોગ બનનાર આરોપી સાથે પોતાની મરજીથી ગયેલ છે, અમદાવાદ અને ઇન્દોર જેવા શહેરમાં આખો દિવસ ફરેલ છે અને પછી પાછા આવેલ છે. આરોપી બી.આર.એ.ના ત્રીજા વર્ષમાં છઠ્ઠા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે, તેઓની ઇન્ટરનલ અને ફાઇનલ એક્ઝામ શરું થવાની છે, કેસ ચાલવામાં સમય જાય તેમ છે, આરોપી સ્થાનિક રહેવાસી છે, સ્થાવર તથા જંગમ મિલ્કત ધરાવે છે, નાશી ભાગી જાય તેવી કોઇ શક્યતા નથી આ તમામ હકિકતો લક્ષમાં લઇ આરોપીની તરફેણમાં મનસુફીની સત્તા વાપરવી યોગ્ય અને મુનાસીફ જણાતું હોય અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

૧. અરજદાર/આરોપી **દેવેન્દ્રસિંહ ઉર્ફે દેવુભા દિલીપસિંહ જાડેજાની** હાલની દાખલ કરવામાં આવેલ રેગ્યુલર જામીન માટેની અરજી

આથી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** આ કામના અરજદારને તેમની વિરૂદ્ધ નોંધાયેલ ઉપલેટા પોલીસ સ્ટેશન ગુ. ૨. નં. ૧૧૨૧૩૦૬૪૨૬૦૦૨૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૧૩૭ (૨), ૮૭, ૬૪ (૨) (એમ), ૬૫ (૧) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૬ મુજબના ગુના સબબ, અરજદારે રૂા. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વિસ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શ ર તોઃ</u>-**

**(એ)** અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાહેદોને ધાકધમકી આપવી નહી કે પુરાવા સાથે ચેડા કરવા નહી.

**(બી)** અરજદાર/આરોપીએ આ કોર્ટની પુર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

**(સી)** અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમિત કોર્ટમાં હાજર રહેવું.

**૩.** ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

હુકમ આજ તારીખઃ ૧૨ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૧૨/૦૩/૨૦૨૬.**
**મુકામઃ ધોરાજી.**

**( અલીહુસેન મોહીબુલ્લાહ શેખ )**
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**રાજકોટ એટ-ધોરાજી**
**કોડ નં. જીજે-૦૦૫૨૧**